R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 20•ISSUE: 46 DATE: 12-11-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## એનડીટીવી ન્યુઝ ચેનલ પરનો કેન્દ્ર સરકાર દ્વારા મુકાયેલ એક દિવસીય પ્રતિબંધ એ મીડીયા સામે ગંભીર કટોકટીનો આરંભ છે

છેલ્લા કેટલાક સમયથી દેશભરમાંથી સાહિત્યકારો,વિદ્વાનો,લેખકો,કલાકારોએ સરકારની તાનાશાહી સામે પોતાને અપાયેલ એવોર્ડ કે પ્રશસ્તિ પત્રો પરત કર્યા હતા.કારણ એ હતું કે સરકારી કામકાજ સરમુખ્યતારશાહીની ઢબે ચાલવા લાગ્યુ છે. ચોથી જાગીરની ફરજ બને છે કે સરકાર માર્ગ ચુકે તો તેને 'ચેત મછંદર ગોરખ આયા' ની ઉક્તિ મુજબ સચેત કરવાની હોય છે.દેશના આધાર સ્તંભો પૈકી ન્યાયપાલિકા પણ કેન્દ્ર સરકારની નીતીઓનો ઉગ્ર વિરોધ કરી રહી છે.પઠાણકોટના સમાચારો બાબતે એનડીટીવીએ જે પ્રસારણ કર્યુ તેનાથી સરકારની બેદરકારી ખુલ્લી પડી ગઇ અન પરિણામે તેને દેશભરમાં બેઇજ્જત થવું પડ્યું.

સરકારે પોતાની આબરુ બચાવવાના દાવ રુપે તેમના કહ્યાગરા રાજકારણીઓના માર્ગદર્શન રુપે માહિતી પ્રસારણ મંત્રાલય દ્વારા એનડીટીવી ન્યુઝ ચેનલને તા.૯મીનો એક દિવસીય પ્રતિબંધ ફરમાવતો ફતવો જાહેર કરી દીધો.સરકારે બચાવના મુદ્દે જે રજુઆત કરી હતી તેમાં જણાવાયું હતું કે પઠાણકોટ હુમલા વખતે દેશની સુરક્ષા જોખમમાં મુકાય તે રીતે એનડીટીવીએ પ્રસારણ કર્યુ હતું.એનડીટીવીએ દેશની સમક્ષ હકીકત ખુલ્લી મુકી તે સત્ય તેમને ભારે પડ્યું. મોટી મોટી ગુલબાંગો પોકારનાર અને પોતાની જાતને ઉંચા સાબિત કરવાને મથતા નેતાઓની વાતો દેશની જનતાને બકવાસ લાગી પરિણામે નેતાઓના હૈયે લાગેલી આગે એનડીટીવીને દઝાડી જરુર.

કેન્દ્રના આ નિર્ણય સામે સમગ્ર દેશમાંથી વિરોધનો સ્વર ઉઠ્યો છે. અને આ ઘટનાને ઈન્દીરા ગાંધીના કટોકટીકાળ કરતાં પણ વધુ કડકાઈ સાથે સરખાવવામાં આવી છે.એનડીટીવીએ ભોપાલ એન્કાઉન્ટર સહિતના કેટલાક વિવાદાસ્પદ પગલાં સામે કરેલા સવાલથી કેન્દ્ર સરકાર ઘણા વખતથી નારાજ હતી. અને તેની તેના પર પ્રતિબંધ મુકાયો છે તેમ માનવામાં આવી રહ્યું છે.

એનડીટીવીના પ્રાઈમ ટાઈમમાં તેના કાર્યક્રમના એન્કર રવિશકુમારે માઈમ આર્ટિસ્ટનો ઉપયોગ કરીને મીડીયાનો અવાજ દબાવી દેવા અંગે જે વાત રજુ કરી તેનાથી સમગ્ર સોશ્યલ મીડીયા અત્યંત પ્રભાવિત થઈ ગયું છે.તમે સત્તાવાળાઓ(ઓથોરીટી એટલે કે સરકાર)ને સવાલ કરો તો તમારી હાલત શું થાય તે દર્શાવતાં આ કાર્યક્રમને ટ્વીટર અને ફેસબુક પર જબરજસ્ત પ્રશંસા મળી છે. તેમાં પણ દેશમાં બધું સારુ સારુ છે તેવી સ્થિતિના સંદર્ભે વપરાયેલો 'બાગો મે બહાર હૈ.'.ના ડાયલોગ્સનો ટ્વીટર પર ટ્રેન્ડ રહ્યો હતો.

જો કે દેશની મોટાભાગની ચેનલો પર રીલાયન્સ આધિપત્ય ભોગવી રહ્યુ છે અને ઝી મીડીયાને પણ ભરપુર નાણાં મળી રહ્યા છે તેથી સરકારની સરમુખ્યતારશાહીનો બચાવ કરતી જાહેરાતો અને એવી બાબતો મુકાતી રહી છે કે જેથી મીડીયા પર સેન્સરશીપનો દાવ સરકારનો ફળે.ખેર,દેશમાં પાછલે બારણે સરમુખત્યારશાહીનો રથ દાખલ થઈ રહ્યો છે.જેમણે વિરોધ કર્યો તેમનો કાંટો કાઢી નાંખવાની મનોવૃત્તિ ધરાવતી સરકાર હવે શું પગલાં લેશે તે જોવાનું રહ્યું.

માહિતી પ્રસારણ મંત્રી વેંકૈયા નાયડુએ કહ્યુ હતું કે આ દેશની સુરક્ષાના હિતમાં લેવાયેલુ પગલું છે. તો વિપક્ષોએ કહ્યુ હતું આ કાર્યવાહી બીજી કટોકટી તરફ આગળ વધવાના એંધાણ છે.નાયડુએ પઠાણકોટ હુમલાના કવરેજ અંગે ૯ નવેમ્બરે ચેનલનું પ્રસારણ રોકવાના આદેશના મામલે કટોકટીના ઉલ્લેખની નિંદા કરતા વિપક્ષો પર આ પ્રકારના મુદ્દાઓ પર રાજનીતિ કરવા અંગેનો આરોપ લગાવ્યો હતો.તેમણે કહ્યુ હતું કે મોદી સરકાર અભિવ્યકિત સ્વાતંત્રયનું ખુબ સન્માન કરે છે.


બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે અને તેમની પાર્ટી જેડીયુના વરિષ્ઠ નેતા શરદ યાદવ, દ્રમુક પ્રમુખ કરુણાનિધિ,બસપા પ્રમુખ માયાવતી અને આરજેડીના પ્રમુખ લાલુપ્રસાદ યાદવે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.લાલુએ કેન્દ્ર સરકારે લગાવેલા પ્રતિબંધને અભિવ્યક્તિની આઝાદીનું અપમાન ગણાવ્યુ હતું.તેઓએ આ પ્રતિબંધ પરત લેવાની માંગ કરી હતી. સીપીઆઈએ કહ્યુ હતું કે આ મોદીના નિરંકુશ વલણનું ઉદાહરણ છે.

જ્યારે સરકારના આ નિર્ણયને ઉચિત ગણાવતા સંરક્ષણ મંત્રી મનોહર પારિકરે કહ્યુ હતું કે એનડીટીવી ઈન્ડીયાએ આતંકવાદ વિરોધી અભિયાનનું સીધું પ્રસારણ કરીને કેન્દ્ર દ્વારા જારી દિશા નિર્દેશોનું ઉલ્લંઘન કર્યુ છે.

## શિવસેનાએ મોદી સરકારની બેવડી નીતિની ટીકા કરતાં સવાલ કર્યો શું સરકાર ચીન સામે સર્જીકલ સ્ટ્રાઇક કરશે ?

મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટીની સાથે સરકારમાં ભાગીદાર અને એનડીએના સાથી પક્ષ તરીકે શિવસેનાએ અવારનવાર ભાજપની અને કેન્દ્ર સરકારની ટીકા કરવામાં કસર છોડી નથી.અરુણાચલ પ્રદેશ સહિતના સરહદદી વિસ્તારોમાં ચીનની ઘુસણખોરી સામે શિવસેનાએ મોદી સરકારને આડે હાથ લેતાં કહ્યુ હતું કે મોદી સરકારની બેવડી નીતિ છે.આ નીતિની ટીકા કરતાં શિવસેનાના પ્રમુખ ઉધ્ધવ ઠાકરેએ કહ્યુ હતું કે શું ભારત ચીન સામે પણ સપ્ટે.માં પાકિસ્તાન અંકુશ હેઠળના કાશ્મીર(પીઓકે)માં આતંકવાદી અડ્ડાઓ પર ભારતીય સેનાએ કરેલી સર્જીકલ સ્ટ્રાઈલની જેમ પગલાં લેશે ?સેનાના મુખપત્ર સામનામાં સેનાએ લખ્યુ છે કે ભારતીય પ્રદેશમાં ચીનની ઘુસણખોરી વિશે ગંભીરતાપુર્વક જોવાનો સમય આવી ગયો છે.ચીન સામે સર્જકલ સ્ટ્રાઈક્સ તેનો યોગ્ય જવાબ હશે. શું ભારત આ પ્રકારનું પગલું ભરશે ?

સેનાએ કહ્યુ છે કે જ્યારે પણ કોઈ નેતા જાહેર રેલીમાં પાકિસ્તાન સામે બોલે છે ત્યારે તેનો પ્રતિસાદ તાળીઓના ગડગડાટથી મેળવે છે. હવે એવો સમય આવી ગયો છે કે તાળીઓના આવા ગડગડાટની માનસિકતામાંથી બહાર આવી જવું જોઈએ અને ચીનીઘુસણખોરી મામલે ગંભીરતાથી વિચારવું જોઈએ. તેમણે કહ્યુ હતું કે લદ્દાખથી અરુણાચલ અને સિક્કિમ સુધી ચીન ઘુસણખોરી છેલ્લા કેટલાક વર્ષોથી કરી રહ્યું છે.હવે વાસ્તવિક સવાલ એ એચ કે ચીનને કોણ અટકાવશે ?ચીનના ૬૦



જેટલા સૈનિકો આપણા પ્રદેશમાં ઘુસી આવે છે અને વિકાસલક્ષી કામ અટકાવી દે છે. આપણા બડબોલા સંરક્ષણ મંત્રીએ સ્પષ્ટતા કરવી જોઈએ કે આવા ચીની સૈનિકો સામે આપણા સૈનિકોએ કેવા પગલાં લીધો હતા ?

## ભ્રષ્ટાચાર અને કાળુ ધન નાબુદ કરવા માટે મોદી સરકારનું ઐતિહાસિક પગલુ

ભારતની કેન્દ્ર સરકારે દેશના અર્થતંત્ર પર ભ્રષ્ટાચાર,કાળા નાણાં અને બનાવટી ચલણી નોટોની નકારાત્મક અસરો નાબુદ કરવા માટે તા.૯ નવેમ્બર મધરાતથી રૂા.૫૦૦ અને ૧૦૦૦ની નોટો ચલણમાંથી નાબુદ કરી દીધી હતી.દેશજોગ વિશેષ સંબોધનમાં વડાપ્રધાન મોદીએ આ જાહેરાત કરી હતી.વડાપ્રધાને સેનાના ત્રણેય પાંખોના વડાઓ સાથે બેઠક કર્યા બાદ કેન્દ્રીય પ્રધાનમંડળ ની બેઠકમાં નિર્ણય લીધા બાદ રાષ્ટ્રપતિ પ્રણવ મુકરજી સાથે મુલાકાત કરીને જાણકારી આપી હતી.વડાપ્રધાને જણાવ્યુ હતું કે અમે કાળા ધન અને કરચોરો માટેના દરવાજા બંધ કરી દીધા છે.ભ્રષ્ટાચાર,કાળા ધન અને નકલી નોટોના કારોબારમાં લિપ્ત દેશવિરોધીઓ અને અસામાજિક તત્વો પાસેથી આ ચલણી નોટો હવે માત્ર કાગળના ટુકડા જ બની જશે.મહેનત અને ઈમાનદારીથી કમાતા લોકોના હિતોની સંપુર્ણ રક્ષા કરવામાં આવશે.રૂપીયા ૧,૨,૫, ૧૦,૨૦, ૫૦ અને ૧૦૦ની ચલણી નોટો અને સિક્કા પર કોઈ પ્રતિબંધ નથી.

દેશના અર્થતંત્રમાં ક્રાંતિકારી ફેરફાર કરનારા નરેન્દ્ર મોદી દેશના બીજા ગુજરાતી વડાપ્રધાન બન્યા છે.વડાપ્રધાને જણાવ્યુ હતું કે ૧૦ નવેમ્બરથી ૨૪ નવેમ્બર સુધી રુપીયા ૪૦૦૦ની મર્યાદામાં ૫૦૦ અને ૧૦૦૦ની નોટો બેંકમાં બદલી શકાશે.૨૫મી નવેમ્બરથી ૪૦૦૦ રુપીયાની મર્યાદામાં વૃધ્ધિ કરાશે. એટલે કે જે લોકો ૩૦ ડિસેમ્બર ૨૦૧૬ સુધીમાં જુની નોટો બેંકમાં જમા નહી કરાવી શકનારને એક અંતિમ અવસર અપાશે.તેઓ ૩૧મી માર્ચ ૨૦૧૭ સુધીમાં રિઝર્વ બેંકમાં ઘોષણાપત્રની સાથે આ નોટો જમા કરાવી શકશે.બેક ખાતામાં નોટો જમા કરાવવાની સાથે નાગરિકો ટપાલ કચેરીઓમાં આધારકાર્ડ ,મતદાર ઓળખપત્ર,રેશનકાર્ડ, પાસપોર્ટ,પાનકાર્ડ વગેરે ઓળખપત્ર રજુ કરી આ નોટો બદલાવી શકશે.

**વિનંતી**



તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દેશની જનતાને કોઈપણ સરકાર કરતાં ન્યાયતંત્ર પર ભરોસો અને આદર છે.દેશમાં આવેલી અનેક સરકારોના કાન આમળવાનું અને તેમની ભુલો પ્રત્યે સજાગ કરવાનુ કામ અદાલતો કરે છે અને તેમના શીરે આ જવાબદારી છે.વર્તમાન સમયમાં સરકાર અને સુપ્રીમ કોર્ટ આમને સામને આવી ગયાં છે. છેલ્લા કેટલાક સમયમાં સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદાઓ પણ સરકારીના વિરોધમાં ગયા છે. અને કોર્ટે કેન્દ્ર સરકારની આકરી ટીકાઓ પણ કરી છે.અને જે બાબતોએ સુપ્રીમે નોધ લીધી અને ટીકાઓ કરી તેમાં પ્રથમ દષ્ટ્રિએ સરકાર કસુરવાર જણાય છે.

હવે સુપ્રીમ કોર્ટે ન્યાયાધીશોની નિમણુંક અંગે તાજેતરમાં કેન્દ સરકારની ઝાટકણી કાઢી.કોર્ટેનો આગ્રહ છે કે નિષ્ઠાવાન અને સ્વતંત્ર(તટસ્થ) ન્યાયાધીશોની નિમણુંક થાય.પરંતુ સરકાર આ કામમાં વિલંબ કરી રહી છે.તેથી એવુ લાગી રહ્યુ છે કે સરકારને પોતાને તાબે રહે અને સરકારની પીપુડી વગાડતા રહે તેવા ન્યાયાધીશોની શોધ કરીને તેમને મુકવા જેથી સરકારે લીધેલા નિર્ણયો કોર્ટ તરફથી બેજવાબદાર નિર્ણયો કહી ટીકા થાય અને દુર કરાય.પરિણામે સરકાર અને સુપ્રીમ કોર્ટ વચ્ચે દિવસે દિવસે અંતર વધતુ રહ્યુ છે.વર્તમાન મુખ્ય ન્યાયાધીશ શ્રી.ટી.એસ.ઠાકુર સરકાર સામે રોષ વ્યક્ત કરે છે તેમજ લાગણીઓના વેગને રોકી ન શકતાં જાહેરમાં આંસુ પણ સારે છે. જે બતાવે છે કે કેન્દ્ર સરકારમાં બેઠેલા કેટલાક લોકોને ન્યાયાલયમાં પોતાની તરફેણ કરતાં ન્યાયાધીશોની જ નિમણુંક કરવામાં રસ છે તેથી આ પ્રક્રિયાને વિલંબિત કરી રહ્યા છે.

મુખ્ય ન્યાયાધીશની મનોકામના છે કે દેશની જનતાને લાબી કંટાળાજનક ન્યાય પધ્ધતિમાંથી છુટકારો મળે તે જોવાની છે.જો કે તેને વાજબી અને ઈચ્છનીય કહેવામાં કોઈ વાંધો નથી.ન્યાયતંત્રને વેગવાન બનાવવાની જરુર છે.લોકોને સમયસર ન્યાય નહીં મળે તો ન્યાય મેળવવા માટે અન્ય કોઈ આસરો તેઓ મેળવવા માટે પ્રેરાય અને પરિણામે સામાજીક વ્યવસ્થા ખોરવાઈ જાય.અદાલતોમાં કેસોનો ભરાવો છે તે જોતા જો અસરકારક પગલાં લઈને ન્યાયાધીશોની નિમણુંકો કરવામાં નહી આવે તો કેસોના ઢગલાઓ વધતા જશે અને દેશના નાગરિકોને હવે લાંબી લચક ન્યાય પધ્ધતિમાંથી વિશ્વાસ ઉઠવા લાગ્યો છે તેને રોકી નહીં શકાય.

વડાપ્રધાને આ બાબતે ઝડપી નિર્ણયો લેવામાં કચાશ રાખવી પોષાશે નહી. જો કે તેમની પાસે અનેક સમસ્યાઓ છે. અને દરેક સમસ્યાઓ પર તેઓ કામ કરી તેનો નિકાલ કરે તેવી ઈચ્છા રાખવી પણ વ્યાજબી નથી.પરંતુ સહુ કોઈ એવું માનીએ બેઠા છે કે મોદીજી આ બધુ સરખુ કરી દેશે.આવું માનવું એટલું સરળ નથી.પરંતુ હાલમાં સરકાર અને કોર્ટ બેઉ સંસ્થાઓ આપસમાં ટકરાય તો તેમાં દેશનું મોટું નુકશાન થવાનો સંભવ બની શકે છે.કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓનો ઈગો આવી બાબતોમાં આવવો જોઈએ નહીં. કારણકે આ બાબત માત્રને માત્ર સમગ્ર દેશને અસરકર્તા છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# હિન્દુત્વની પુનઃવ્યાખ્યા કરવા સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચનો ઇન્કાર

હિદુત્વ ચુકાદાના નામે જાણીતા ૧૯૯૫ના પોતાના ચુકાદાને કારણે સર્જાયેલી ચુંટણીલક્ષી ગેરરીતીઓને સબંધિત વિવાદિત મામલાની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ જણાવ્યુ હતું કે અમે આ તબક્કે ધર્મના મામલાની ચકાસણી કરવા માંગતા નથી.ભારતના મુખ્ય ન્યાયાધીશ ટી.એસ.ઠાકુરના વડપણ હેઠળની સાત જજોની બંધારણીય બેન્ચે જણાવ્યુ હતું કે અમે હિદુત્વ શું છે અથવા હિંદુત્વનો અર્થ શું છે અથવા તેનો અર્થ શું થાય છે તેના પરની વ્યાપક ચર્ચામાં પડવા માંગતા નથી.અમે ૧૯૯૫ના સુપ્રીમ કોર્ટના ચુકાદા પર પુનઃવિચારણા કરવાના નથી અને આ તબક્કે હિંદુત્વ ધર્મ છે કે નહીં તેની પણ ચકાસણી કરવાના નથી.

સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે અત્યારે તો અમે ફક્ત રેફરન્સમાં અમારી સમક્ષ ઉપસ્થિત કરાયેલા મામલા સુધી જ મર્યાદિત રહીશું.અત્યારે રેફરન્સમાં હિદુત્વ શબ્દનો ઉલ્લેખ જ નથી.જો કોઈ પક્ષકાર અમને દર્શાવશે કે મામલામાં હિંદુત્વ શબ્દનો ઉલ્લેખ કરાયો છે તો અમે તેમને સાંભળીશું.પરંતુ આ તબક્કે અમે હિંદુત્વની ચર્ચામાં પડવાના નથી.સાત ન્યાયાધીશોની બંધારણીય બેન્ચ સમક્ષ કેટલાક વકીલોએ હાલમાં ચાલી રહેલી સુનાવણીમાં હસ્તક્ષેપ કરવાની માંગ કરતાં અદાલત દ્વારા ઉપરોક્ત ટિપ્પણી કરાઈ હતી.સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે અમે ફકત જનપ્રતિનિધિ ધારાની કલમ ૧૨૩(૩)અંતગર્ત ચુંટણી ઉમેદવારો અનો ધાર્મિક નેતાઓ વચ્ચેની સાંઠગાંઠ તથા તેની કાયદેસરતાની જ ચકાસણી કરી રહ્યા છીએ.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386


# કેન્દ્ર સરકાર બજેટ એક મહિનો વહેલું રજુ કરશે : વડાપ્રધાન



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી હતી કે વિવિધ પ્રોજેક્ટ અને યોજનાઓના અમલીકરણ માટે સરકારે કેન્દ્રીય બજેટ એક મહિનો વહેલું રજુ કરવાનો નિર્ણય કર્યો છે.તેમણે તમામ રાજ્યોને બજેટ સબંધિત આયોજન એક મહિનો વહેલુ કરી લેવા માટે કહ્યુ છે.ભારતમાં નાણાકીય વર્ષ, ૧ એપ્રિલથી ૩૧મી માર્ચનુ છે.ઘણા દેશોમાં જાન્યુ.થી ડિસે.નાણાકીય વર્ષ હોય છે.બજેટ ફેબ્રુઆરીના અંતે રજુ થતું રહ્યુ છે જેને સંસદના બંન્ને ગૃહ છેક મે મહિનાના મધ્યમમાં પસાર કરતા હતા.હવે આગામી વષે માટે ફેબ્રુઆરીને બદલે જાન્યુઆરીમાં બજેટ રજુ થશે.હવે સસંદમાં ક્યારે તે પસાર કરાશે તે સવાલ રહે છે. જો તે રાબેતા મુજબ મે મહિનામાં જ પસાર થશે તો તે અગાઉ સરકારે ખર્ચ માટે સંસદની મંજુરી લેવી પડશે.

સરકાર માટે આ વખતે ૧ એપ્રિલથી જીએસટીનો અમલ કરવાનું પણ આયોજન છે. આથી બજેટ વહેલુ રજુ થશે તો જીએસટીના અમલમાં મદદરુપ થશે.આ વખતે રેલ બજેટ અલગથી રજુ નહી થાય. સામાન્ય અંદાજપત્ર જનરલ બજેટમાં જ રેલવેની જોગવાઈઓનો સમાવેશ કરી લેવાશે. આમ એનડીએ સરકારે આ મહત્વનો ફેરફાર કર્યો છે.

# સમાન નાગરિક ધારો સર્વ સંમતિથી લેવાશે : વેંકૈયા નાયડુ

કેન્દ્ર સરકાર દ્વારા સમાન નાગરિક ધારો પાછલા બારણે લાગુ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે તેવો અવાજ ઉઠી રહ્યો છે તેનો જવાબ આપતાં માહિતી પ્રસારણ મંત્રી વૈકેયા નાયડુએ કહ્યુ હતું કે ભાજપ સમાન નાગરિક ધારાનો ઉપયોગ કરીને ઉત્તર પ્રદેશની ચુંટણીમાં હિન્દુ-મુસ્લીમ મતોનું ધ્રુવીકરણ કરવા માંગતુ હોવાના આરોપને ફગાવી દીધા હતા.ટ્રિપલ તલાક,સમાન નાગરિક ધારો કે રામ મંદિર જેવા મુદાઓ ભાજપ રાજકીય માઈલેજ મેળવવા માટે ઉઠાવતું નથી તેમ કહીને નાયડુએ જણાવ્યુ હતું કે તેમની સરકારનો એજન્ડા ફકત વિકાસનો છે.આ પ્રકારના મુદાઓ ચુંટણીમાં લાભ મેળવવા માટે ઉઠાવી શકાય નહી એમ તેમણે કહ્યુ હતું.

તેમણે કહ્યુ હતું કે સરકાર ટ્રીપલ તલાકને ધાર્મિક બાબત માનતી નથી. આ મહિલાઓની સમાનત અને ભાવના સાથે જોડાયેલી બાબત છે. અમે મુસ્લીમોના ઈશ્યુમાં દખલગીરી કરી રહ્યા છે તેમ કહેવું ઉચિત નથી.ભારતની આ જ સંસદમાં હિન્દુ કોડ બિલ પણ પસાર કરાયું હતું.ડિવોર્સ એકટ,હિન્દુ મેરેજ એકટ પર પ્રતિબંધ મુકતો કાયદો કે દહેજ અને સતી પ્રથાને નાબુદ કરતો કાયદો આ જ સંસદમાંથી પસાર થયો હતો.જો કે તેમણે સ્પષ્ટ કર્યુ કે સમાન નાગરિક ધારો પસાર કરાવવા માટે વ્યાપક સર્વસંમતિની જરુર છે.ટ્રિપલ તલાક જેવા મુદ્દાને પાછલા બારણેથી ઘુસાડી શકાય નહી.ભાજપ રાજકીય માઈલેજ લેવા માટે કોઈ મુદ્દો ચગાવતો નથી.જો કે મંત્રીશ્રીને ભાજપે ભુતકાળમાં રાજકીય માઈલેજ મેળવવા કરેલા પ્રયત્નો કદાચ યાદ નથી.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# દિવ્ય અને ભવ્ય ગુજરાતની વિકાસજ્યોતના પ્રકાશને પોખીએ

# લોકહિતના અનેક પરિણામલક્ષી સંવેદનશીલ નિર્ણયો જનજનને વિકાસના વિશ્વાસની પ્રતીતિ

★સૌની યોજના અંતગર્ત સૌરાષ્ટ્રના ૧૧૫ જળાશયો નર્મદાના નીરથી ભરાશે.
દસ જળાશયોમાં નર્મદાના નીરના વધામણાં, પરિણામે સૌરાષ્ટ્રમાં સમૃધ્ધિના દ્વાર ખુલ્યા.

★રૂા.૪૮૦૦ કરોડના ખર્ચે આદિજાતિ વિસ્તારોમાં પીવાના પાણી અને સિંચાઈની
કાયમી સગવડ આપવાનું આયોજન

★ધરતીપુત્રોની ચિંતા કરીને ખેતરના ઊભા પાકને મુરઝાતો બચાવવાની પરિસ્થિતિમાં ખેતરોમાં અપાતા વિજપ્રવાહને આઠ કલાક થી વધારીને દસ કલાક કરવાનો રાજ્ય સરકારનો ખેડતુલક્ષી નિર્ણય

★આઠ એકરથી વધુ જમીન ધરાવતા ખેડુતોને એજ સર્વે નંબરમાં બીજુ ખેત વીજ જોડાણ આપવાનો નિર્ણય

★રાજ્ય સરકાર હસ્તકના ૧૨ ટોલનાકા ઉપરથી નાના વાહનોને ટોલટેક્સમાંથી મુક્તિ

★ઊજાલા યોજના : સસ્તા ભાવે ૨.૫૦ કરોડથી વધુ એલઈડી બલ્બ વિતરણ કરી,ગુજરાત દેશમાં પ્રથમ

★ડીજીટલ કનેક્ટીવીટીના માધ્યમ દ્વારા તાલુકા કક્ષાએ મળતી નગારિક સેવાઓ છ હજાર ગામોમાં ઉપલબ્ધ

★બિન ખેતી સંદર્ભે ટીપી સ્કીમમાં રહેલા તમામ પ્લોટને ટાઉન પ્લાનર દ્વારાજ એક સાથે એનએ કરાવી શકે એવો રાજ્ય સરકારનો અસરકારક નિર્ણય

★શહેરી વિસ્તારોમાં ૧૨૫૦ ચો.ફુટ સુધીના મકાન બાંધકામ માટે પુર્વમંજુરી લેવામાંથી મુક્તિ અપાિ

★સિકલસેલ એનીમીયાના દર્દીઓને પ્રતિ માસ રૂા. ૫૦૦ની સહાય

★ગરીબ પરિવારના સ્વજનના મૃતદેહને હોસ્પીટલથી તેમના વતન સુધી સરકારી ખર્ચે વિનામુલ્યે સન્માનપુર્વક પહોચાડવા રાજ્ય સરકારનો માનવતાલક્ષી નિર્ણય

★રાજ્ય સરકારના કર્મચારીઓની ભરતી પ્રક્રિયાની પ્રતિક્ષાયાદીનું કદ બમણું કરીને ૧૦ ટકાને બદલે ૨૦ ટકા કરવાનો કાંન્તીકારી નિર્ણય

★રાજ્ય સરકારના પાંચ લાખથી વધુ કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ
રાજ્યના તમામ પેન્શનરોને પેન્સનમાં સાતમા પગાર પંચનો લાભ આપવાનો રાજ્ય સરકારનો નિર્ણય : લઘુત્તમ પેન્શન રૂા. ૩૫૦૦ થી વધારીને રૂા.૯૦૦૦ કરાયું. : ગ્રેજ્યુટીની મહત્તમ મર્યાદા રૂા.૧૦ લાખથી વધારી રૂા.૨૦ લાખ કરાઈ

★સિરામિક ઉદ્યોગના વિકાસ માટે તેમને અપાતા પાઈપલાઈન ગેસના ભાવમાં પ્રતિ યુનિટે રૂા.૨.-૭નો ઘટાડો કરવાનો રાજ્ય સરકારનો પર્યાવરણલક્ષી સંવેદનશીલ નિર્ણય

★સંવેદનશીલ સરકારની ભેટ : રાજ્યની વિધવા લાભાર્થી બહેનોને વિધવા પેન્સન રૂા. ૧ હજાર પ્રતિ માસ આપવાની જાહેરાત : ૧,૫૨,૦૦૦ વિધવા બહેનોને લાભ.

★વિકસતી જાતિના કલ્યાણ માટેના નિગમોમાં વનટાઈમ સેટલ મેન્ટ યોજના : રૂા.૧૭૦ કરોડની રાહત : ફક્ત મુદ્દલની વસુલાત લેવાનો નિર્ણય : ૨૫ હજાર જેટલા પરિવારનોને થશે લાભ

★પ્રજાભિમુખતા અને પારદર્શિતા : વ્યક્તિલક્ષી યોજનાકીય લાભો માટે સેવાસેતુ અને સામુહિક રજુઆતોના નિરાકરણ માટે પ્રગતિ સેતુ નો નવતર અભિગમ.

# સૌનો સાથ , સૌનો વિકાસ

# રેલ્વે ટીકીટોના એજન્ટો અને કાળા બજારીયાઓ પર સીબીઆઇના દરોડા પડતાં રેલવે અધિકારીઓ ફફડી ગયા

દિવાળીની રજાઓમાં બે દિવસમાં સીબીઆઇના અધિકારીઓએ ટીકીટ બુકીંગ કરતા લેભાગુ એજન્ટો અને કાળાબજારીયાઓ પર ધોશ ચલાવી હતી.તેની એજન્ટો અને કાળાબજારીયાઓ સાથે મીલીભગત ધરાવતા રેલવેના અધિકારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.બે દિવસ સુધી સરપ્રાઇઝ ચેકીંગ કરીને મુંબઇ,દિલ્હી, ચેન્નાઇ તરફ જતી ટ્રેનોમાં કેટલી કન્ફર્મ ટીકીટો છે અને કેટલા ટીસીની મહેરબાનીથી બેઠા છે તેની તપાસ કરાઇ હતી.રેલવે અધિકારીઓને સીબીઆઇના દરોડાની માહિતી મળતાં જ બુકિંગ પર ધ્યાન આપવા સુચનાઓ અપાઇ ગઇ હતી.જેના કારણે બીજા દિવસે બુકીંગ પર અસર થઇ હતી.રેલવેની કન્ફર્મ ટીકીટમાં જે પેસેન્જરનું નામ હોય તેણે ઓળખનો પુરાવો લઇને મુસાફરી કરવાની હોય છે.પણ ચેકીંગ કરતાં ૫૦ જેટલા પેસેન્જરો એવા મળ્યા હતા કે જેમનું રિઝર્વેશન નહતું પણ તેઓ બીજાના નામ પર મુસાફરી કરી રહ્યા હતા.પેસેન્જરોને સીટ અપાવવા માટે રેલવે સ્ટેશન પર હાજર વચેટીયાને પણ ઝડપી લેવાયા હતા.મુસાફરો પાસે મજબુરીનો લાભ ઉઠાવીને એજન્ટો અને રેલવેના અધિકારીઓ મળીને ધંધો કરતા હોય છે. કેટલાક રાજકારણીઓ પીઠબળ ધરાવતા એજન્ટો પણ ભારે લાભ ઉઠાવતા હોય છે.પરિણામે જરુરતમંદ લોકોને ટીકીટ મળતી નથી.

IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

Exploring the journey of the
HOLY LAND
WELCOME TO
ISRAEL,JORDAN,EGYPT & DUBAI

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૬ નું આયોજન કરેલ છે.**
**દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.**
Tour Date 18 May ‘16,Sept.16 November,2016
**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે. ટુરમાં જોડાવા માટે રૂ ૧૫૦૦૦/-ડિપોઝીટ પેટે મોકલવાના રહેશે.**

**પ્રાર્થન પોલ ગોહિલ,**
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * *

# પ્રેરણા ટ્રસ્ટના નેજા હેઠળ કરોડોનું કૌભાડ આચરવાના કેસમાં કર્ણાટકના ભાજપના માજી મુખ્યમંત્રી યેદિયુરપ્પા નિર્દોષ છુટ્યા

ભાજપના વરિષ્ઠ નેતા અને કર્ણાટકના ભુતપુર્વ મુખ્યમંત્રી બી.એસ યેદુરપ્પાને કોર્ટે નિર્દોષ ઠરાવ્યા છે.સીબીઆઇની વિશેષ અદાલતે તેમને ૪૦ કરોડરુપીયાના ગેરકાયદેસર માઇનીંગના કેસમાં ક્લીન ચીટ આપી છે.યેદીરુપ્પા ઉપરાતં તેમના બે પુત્રો અને જમાઇને પણ નિર્દોષ ઠરાવાયા હતા. બહુ ચર્ચિત લાંચ કેસમાં કોર્ટમાં જજ આર.બી. ધર્મગૌડરે અન્ય નવ આરોપીઓને પણ નિર્દોષ ઠરાવ્યા હતા. ૨૦૧૧માં તત્કાલીન લોકાયુક્ત સંતોષ હેગડેએ યેદીયુરપ્પાને દોષિત ઠરાવતાં તેમણે મુખ્યમંત્રી પદ છોડવું પડ્યું હતું.

સીબીઆઇએ આ કેસમાં એક વર્ષ પહેલાં યેદીયુરપ્પા,તેમના બે પુત્રો રાઘવેન્દ્ અને વિજેયન્દ્ તથા જમાઇ રોહનકુમાર સામે સત્તાવાર ચાર્જશીટ ઘડી હતી.જેમાં તેમના પર સત્તાવાર પદ અને ભ્રષ્ટાચારના આરોપ મુકાયા હતા.બેલ્લારી સ્થિત ખાનગી સ્ટીલ કંપની અને શિમોગામાં યેદીયુરપ્પા પરિવારના ટ્રસ્ટનું પણ ચાર્જશીટમાં નામ હતું. સીબીઆને જાણે કે ખરેખર પાંજરે પુરાયેલ પોપટ છે એવું પુરવાર કરવાનું ઝનુન ચઢયું છે.કર્ણાટકમાં પોતના પુત્રો અને જમાઇના સંચાલન હેઠળ પ્રેરણા ટ્રસ્ટ રચી તેના નેજા હેઠળ કરોડો રુપીયાનું કૌભાંડ આચરવાના કેસમાં કર્ણાટકના માજી મુખ્યમંત્રી યેદુયુરપ્પાને અદાલતે નિર્દોષ ઠેરવ્યા છે.અદાલતે જો કે તેના ચુકાદામાં સાફ સાફ કહ્યુ છે તેમ યેદુયુરપ્પાની નિર્દોષતાનો વિજય નહીં પરંતુ સીબીઆઇની નિષ્ક્રિયતા કે અણઆવડતનો પરાજય થયો છે.

ભારતના મોટાભાગના સ્ફોટક કેસોમાં સીબીઆઇએ તપાસમાં આમ પાણીના નામે ભુ જ કર્યુ છે.એટલે દેશની પ્રિમિયમ ઇન્વેસ્ટીગેશન એજન્સી તરીકેની શાખ સાવ તળીયે બેઠી છે.સીબીઆઇ ધારે તો પણ યેદીયુરપ્પા સામે બહુ કડક તપાસ કરી શકે તેમ ન હતી. કારણકે કર્ણાટકમાં વિધાનસભાની આગામી ચુંટણીમાં યેદિયુરપ્પાના વડપણ હેઠળ જ ભાજપે વેતરણી પાર કરવાની છે.દક્ષિણ ભારતમાં પહેલીવાર ભાજપ સરકાર રચાઇ ત્યારે યેદિયુરપ્પા મુખ્યમંત્રી બન્યા હતા..પરંતુ ભાજપી શૈલીની જેમ ઘર ફુટે ઘર જાય તે રીતે ભાજપના જ નેતાઓએ યેદિયુરપ્પા સામે બળવો પોકાર્યો અને તેમના કૌભાંડો બહાર પાડ્યા.ભાજપી હાઇકમાન્ડ પાસે યેદિયુરપ્પાને ઘેર બેસાડવા સિવાય કોઇ ચારો નહોતો.પરિણામે યેદિયુરપ્પાને ભાજપમાંથી નિકાસ કરાયા.આથી છંછેડાયેલા આ કેસરીએ નવો પક્ષ રચ્યો અને પછી થયેલી ચુંટણીમાં તે ન જીત્યા પરંતુ ભાજપના પરાજયનું નિમિત્તતો બન્યા જ.પરિણામે ભાજપને ખ્યાલ આવ્યો કે ચુંટણીમાં વિજય મેળવવો હોય તો લિગાયતી મતોને ભાજપ તરફ પાછા વાળવા યેદિયુરપ્પાને પુનઃ પક્ષમાં દાખલ કરવા જોઇએ અને તેમની સામેની તમામ કાયદાકીય કાર્યવાહીમાં તેઓ બેદાગ સાબિત થાય તેમ જોવું.હાલમાં કર્ણાટક વિધાનસભાની ચુંટણીનો તમામ્ અખત્યાર તેમને સોપી દેવાયો છે.જે નેતા રાષ્ટ્રના શાસક પક્ષ માટે આટલા અગત્યના હોય તેમની સામે સીબીઆઇ એકદમ કડક તપાસ કેવી રીતે કરી શકે.જેઓ ભાજપના હતા અને સીબીઆઇના કેસોમાં ફસાયેલા હતા અને જેમની શાસક પક્ષને જરુર હતી તે બધા હવે સીબીઆઇની પકડમાંથી ધીમે ધીમે મુક્ત થઇ રહ્યા છે.

# સંઘે સાંઇબાબાની તરફેણ કરીને વિવાદ ટાળવાનો પ્રયત્ન કર્યો

દ્વારકાની શારદાપીઠના શંકરાચાર્ય સ્વામી સ્વરુપાનંદ સરસ્વતીએ સાંઇબાબાની પુજાનો વિરોધ કરીને આખા દેશમાં વિવાદ સર્જ્યો હતો.આ વિવાદની ચિનગારી હજી ક્યારે સળગી ઉઠે તે કહી શકાય નહી. ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે એવું જણાવ્યુ હતું કે હિંદુ માન્યતા મુજબ દરેક માનવીમાં ભગવાનનો વાસ રહેલો છે. તેથી સાઇબાબામાં પણ ભગવાનો વાસ છે.

આરએસએસના મહામંત્રી ભૈયાજી જોશીએ પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યુ હતું કે સાંઇબાબાની પુજા કરવી જોઇએ કે નહીં તે મુદ્દે કોઇ ચર્ચા કે વિવાદમાં ઉતરવું જોઇએ નહીં તેવું સંઘનું માનવું છે.હિંદુ માન્યતા મુજબ દરેક પ્રાણીમાં ભગવાનનો વાસ છે તેથી સાઇબાબામાં પણ ભગવાન છે.અમે આવું ઘણા લાંબા સમયથી કહેતા આવ્યા છીએ.સંઘની ત્રણ દિવસીયની ઓલ ઇન્ડીયા એક્ઝીક્યુટીવ કાઉન્સીલની બેઠકના અંતે ભૈયાજી જોશીએ કહ્યુ હતું કે સાંઇબાબાના ભક્તોએ નક્કી કરવાનું છે કે તેમણે સાંઇબાબામાં શ્રધ્ધા રાખીને તેમની ઇશ્વર તરીકે પુજા કરવી કે નહીં અને સાંઇબાબાના નામે મંદિરો બાંધવા કે નહીં. શીરડીના સંત સાંઇબાબા ૧૯મી સદીમાં થઇ ગયા હતા.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

★ **નીલા ફાઇનાન્સ** ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
**નીલા સી.ગામડીયા**
‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ
**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**
એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.